**(૧૫)**

**પ્ર.૧ (અ) નીચેના શબ્દોના મૂળ પાઠ લખીને કયા પાઠમાં આવે છે? તે લખો.** **(૫)**

| | જવાબ | પાઠ |
|---|---|---|
| ૧. સમતારૂપ સામાયિક વિશે | **સામાઈએ** | **પ્રતિક્રમણનો બીજો પાઠ** |
| ૨. બાજોઠ, પાટલા આદિ | **પીઢ** | **બારમા વ્રતમાં** |
| ૩. બંને હાથ જાડીને | **કરયલ સંપરિગ્ગહિયં** | **સંથારામાં** |
| ૪. ચાર પ્રકારે | **ચઉવ્વિહે** | **આઠમા વ્રતમાં, ધર્મધ્યાનના કાઉસ્સગ્ગમાં** |
| ૫. એ સ્થાનને પામવાના ઈચ્છુકોને | **ઠાણં સંપાવિઉં કામાણં** | **સામાયિકના સાતમા પાઠમાં** |

**(બ) નીચેના શબ્દોના અર્થ લખો.** **(૩)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. જાણી–પ્રીછી | **જાણીને, ઓળખ્યા છતા** | ૨. પાલંતો | **પાલના કરતો થકો** |
| ૩. ખમંતુ | **ક્ષમા કરે** | ૪. લોગ પઈવાણં | **લોકમાં દીપક સમાન** |
| ૫. તહ | **તેમ જ** | | |

**(ક) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૭)**

૧. તીર્થંકર અને સામાન્ય કેવળીનો લિંગ અને આગમ જ્ઞાન અપેક્ષાએ શું તફાવત છે? (૨×૩)

**જ. તીર્થંકર લિંગ અપેક્ષા પુરુષ લિંગ અને કેવળી સ્ત્રી લિંગ, પુરુષ લિંગ અને નપુંસક લિંગે હોય. તીર્થંકર આગમ જ્ઞાન અપેક્ષા બાર અંગ સૂત્રરૂપ અર્થ આગમ આપે અને કેવળી અંગ સૂત્ર આગમ ન આપે.**

૨. દિશા પરિમાણથી શું લાભ થાય છે?

**જ. લોક અસંખ્યાત યોજન ક્રોડાક્રોડી વિસ્તારવાળો છે. દિશાઓની મર્યાદા કરવાથી મર્યાદાની બહાર જવાનો ત્યાગ થવાથી તે જગ્યાએ થતી હિંસા આદિ પાપોનો મોટો કર્મબંધ અટકે છે.**

૩. અત્યારે તીર્થંકરો હાજર નથી તો જૈનધર્મ કેવી રીતે ચાલે છે?

**જ. તીર્થંકરો હાજર નથી, પણ પૂજ્ય આચાર્ય, ઉપાધ્યાય, સાધુ–સાધ્વીજીઓ અને ભગવાન મહાવીરના ઉપદેશના ૩૨ આગમો હાજર છે, તેના આધારે જૈનધર્મ ચાલે છે.**

૪. માત્ર સંખ્યા લખો – પિંડવિશુદ્ધિ – ૪, સંથારામાં કરણ – ૩ (૧)

**(૫૫)**

**પ્ર.૨ (અ) ડાલાપાલાના આધારે જવાબ લખો.** **(૧૫)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૧)**

૧. શલાકા પાલો કેવી રીતે ભરાય? (૫ થી ૭ લીટીમાં લખો.) (૫)

**જ. પ્રથમ અનવસ્થિત પાલાને સરસવના દાણાથી શિખા સુધી ભરીને અસત્ કલ્પનાએ કોઈ દેવ ઉપાડીને એક દ્વીપ એક સમુદ્રમાં નાંખતા નાંખતા અનવસ્થિત પાલો ખાલી કરે. જે દ્વીપ–સમુદ્રમાં છેલ્લો દાણો નાંખેલો તે દ્વીપ કે સમુદ્ર સુધી લાંબો, પહોળો અને ગોળ બીજો અનવસ્થિત પાલો બનાવે અને શિખા સુધી ભરે. એક દાણો શલાકા પાલામાં નાંખે. હવે તે અનવસ્થિત પાલો ઉપાડીને ઉપર પ્રમાણે એક દ્વીપ એક સમુદ્રમાં નાંખતા નાંખતા અનવસ્થિત પાલો ખાલી કરે. જે દ્વીપ–સમુદ્રમાં છેલ્લો દાણો નાંખેલો તે દ્વીપ કે સમુદ્ર સુધી લાંબો, પહોળો અને ગોળ અનવસ્થિત પાલો બનાવે અને શિખા સુધી ભરે. બીજો દાણો શલાકા પાલામાં નાંખે. આ રીતે એકેક અનવસ્થિત પાલો ખાલી કરતા અને ભરતા એકેક સરસવનો દાણો નાંખી શલાકા પાલો ભરી દે.**

૨. મધ્યમ પરિત્ત અનંતા અને ઉત્કૃષ્ટ પરિત્ત અસંખ્યાતા એટલે શું? (૨×૩)

**જ. મધ્યમ પરિત્ત અનંતા – જઘન્ય પરિત્ત અનંતા અને ઉત્કૃષ્ટ પરિત્ત અનંતા વચ્ચેની દરેક સંખ્યા.**

**ઉત્કૃષ્ટ પરિત્ત અસંખ્યાતા – જઘન્ય યુક્ત અસંખ્યાતામાંથી એક સંખ્યા ન્યૂન.**

૩. જ્યારે શલાકા પાલામાં અને પ્રતિશલાકા પાલામાં એક દાણો હોય ત્યારે બાકીના ત્રણ પાલા કેવા હોય?

**જ. જ્યારે શલાકામાં ભરેલો હોય ત્યારે અનવસ્થિત ભરેલો, પ્રતિશલાકા અને મહાશલાકા ખાલી હોય.**
**જ્યારે પ્રતિશલાકામાં એક દાણો હોય ત્યારે અનવસ્થિત – શલાકા ભરેલો અને મહાશલાકા ખાલી હોય.**

૪. અસંખ્યાતાના પ્રકાર કેટલા? ક્યા ક્યા?

**જ. ૯. જઘન્ય પરિત્ત અસંખ્યાતા, મધ્યમ પરિત્ત અસંખ્યાતા, ઉત્કૃષ્ટ પરિત્ત અસંખ્યાતા, જઘન્ય યુક્તા અસંખ્યાતા, મધ્યમ યુક્તા અસંખ્યાતા, ઉત્કૃષ્ટ યુક્તા અસંખ્યાતા, જઘન્ય અસંખ્ય અસંખ્યાતા, મધ્યમ અસંખ્ય અસંખ્યાતા, ઉત્કૃષ્ટ અસંખ્ય અસંખ્યાતા.**

**(૨) એક વાક્યમાં જવાબ આપો. (૪)**

૧. પાલાની ઊંડાઈ અને વેદિકા કેટલી છે?

**જ. પાલાની ઊંડાઈ ૧૦૦૦ યોજન અને વેદિકા અડધો યોજન.**

૨. કંદમૂળમાં કેટલા જીવો છે? ૨૧ બોલમાંથી ક્યા બોલમાં સમાવેશ થાય છે?

**જ. અનંતા. આઠમા અનંતા જેટલા.**

૩. એક વખતના ક્ષણિક ક્રોધથી શું નુકસાન થાય છે?

**જ. અસંખ્યાતકાળ સુધીની અશાતા અપાવે અને અનંતી અશાતાનો અનુબંધ કરાવે.**

૪. અનંતકાળનું પરિભ્રમણ અટકાવવા શેનાથી બચવું? શેનો ભય ઉત્પન્ન કરવો?

**જ. પાપોથી બચવું. અનંત સંસારનો ભય ઉત્પન્ન કરવો.**

**(બ) પુદ્ગલ પરાવર્તનના આધારે જવાબ લખો. (૧૫)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. બાદર ભાવ પુદ્ગલ પરાવર્તન અને સૂક્ષ્મ દ્રવ્ય પુદ્ગલ પરાવર્તન એટલે શું? **(૪)**

**જ. બાદર ભાવ પુદ્ગલ પરાવર્તન – એક જીવ પોતાના મરણ દ્વારા અનુભાગ બંધ અથવા રસ બંધના કારણ રૂપ સમસ્ત અધ્યવસાય સ્થાનોને ક્રમથી જેટલા સમયમાં સ્પર્શ કરી લે છે, તેને બાદર ભાવ પુદ્ગલ પરાવર્તન કહે છે.**

**સૂક્ષ્મ દ્રવ્ય પુદ્ગલ પરાવર્તન – જેટલા સમયમાં એક જીવ સમસ્ત પરમાણુઓને ઔદારિક વગેરે સાત વર્ગણાઓમાંથી કોઈ એક વર્ગણા રૂપે પરિણમાવીને તેને ગ્રહણ કરીને છોડી દે તેટલા સમયને સૂક્ષ્મ દ્રવ્ય પુદ્ગલ પરાવર્તન કહે છે.**

૨. રસનેન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિય સંબંધી શું વિચાર કરવો જોઈએ? **(૨×૨)**

**જ. રસનેન્દ્રિય સંબધી – જે સ્વાદિષ્ટ ભોજન રાગપૂર્વક કરી રહ્યો છે તે જ પુદ્ગલો અનંતીવાર વિષ્ટારૂપે ગ્રહણ કરેલા છે. સ્વાદિષ્ટ પુદ્ગલ પાછા વિષ્ટા જ બનવાના છે.**

**ઘ્રાણેન્દ્રિય સંબંધી – જે સુગંધી અત્તર આજે છાંટો છો તે જ પુદ્ગલ અનંતીવાર દુર્ગંધમય આપણા ઔદારિક શરીરરૂપે હતા.**

૩. વૈક્રિય, શ્વાસોચ્છ્વાસ, મન અને કાર્મણ પુદ્ગલ પરાવર્તનના કાળનો અલ્પબહુત્વ લખો.

**જ. સર્વથી થોડો કાર્મણ પુદ્ગલ પરાવર્તનનો કાળ,**
**તેથી શ્વાસોચ્છ્વાસ પુદ્ગલ પરાવર્તનનો કાળ અનંતગુણો,**
**તેથી મન પુદ્ગલ પરાવર્તનનો કાળ અનંતગુણો,**
**તેથી વૈક્રિય પુદ્ગલ પરાવર્તનનો કાળ અનંતગુણો.**

૪. પરમાણુ કેટલા છે? તેનાથી શું થતું રહે છે? **(૧)**

**જ. અનંત, પુદ્ગલ પરાવર્તન.**

૫. લોકમાં વર્ગણા કેટલી છે? તેમાંથી જીવને ગ્રહણ કરવા યોગ્ય કેટલી? **(૧)**

**જ. અનેક પ્રકારની, આઠ.**

**(૨) નીચેના જીવો ભૂત અને ભવિષ્યમાં કેટલા પુદ્ગલ પરાવર્તન કરશે?** **(૫)**

| | ભૂતકાળમાં | ભવિષ્યકાળમાં |
|---|---|---|
| ૧. માખીના જીવે ભાષાપણે | **અનંત** | **જે કરશે તે જ. ૧,૨,૩ ઉ. અનંત** |
| ૨. શર્કરાપ્રભાના જીવે ઔદારિકપણે | **અનંત** | **જે કરશે તે જ. ૧,૨,૩ ઉ. અનંત** |
| ૩. વાયરાના જીવે કીડાપણે વૈક્રિય | **કર્યા નથી** | **કરશે પણ નહિ** |
| ૪. દેવના જીવે મનપણે | **અનંત** | **જે કરશે તે જ. ૧,૨,૩ ઉ. અનંત** |
| ૫. મનુષ્યના જીવે મનુષ્યપણે આહારક | **આહારકનું પુદ્ગલ પરાવર્તન થતું નથી.** | |

**(ક) આયુષ્યના ૧૮૦૦ ભાંગાના આધારે જવાબ લખો.** **(૧૩)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. જીવ કેટલા અને કયા કયા બોલ સાથે આયુષ્ય બાંધે? (૩)

**જ. છ બોલ સાથે – જાતિ, ગતિ, સ્થિતિ, અવગાહના, પ્રદેશ, અનુભાગ.**

૨. ૬૩ વર્ષના સોપક્રમી આયુષ્યવાળો આયુષ્ય બંધ ક્યારે કરે? (૨×૪)

**જ. ૪૨ વર્ષે, ૫૬ વર્ષે, ૬૦ વર્ષ ૮ મહિના, ૬૨ વર્ષ ૧૦ મહિના ૨૦ દિવસ આમ કરતા કરતા આયુષ્યનો બંધ ત્રીજા ભાગે ન પડે તો છેલ્લા અંતર્મુહૂર્તમાં અવશ્ય પડે છે.**

૩. નિરૂપક્રમી આયુષ્ય એટલે શું? તેનું બીજું નામ શું છે? આયુષ્યના છ માસ બાકી રહે ત્યારે કોણ આયુષ્યનો બંધ કરે?

**જ. ઉપક્રમ રહિત એટલે કોઇપણ કારણથી આયુષ્ય તૂટતું નથી. બીજું નામ અનપવર્તનીય છે. જુગલિયા મનુષ્ય, જુગલિયા તિર્યંચ, દેવ, નારકી, ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ.**

૪. જુગલિયા, સર્વાર્થસિદ્ધ, માઘવતી, રતાળુમાં કેટલા જીવો ચ્યવે અને ઉપજે?

| જ. | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| જુગલિયા | **૧, ૨, ૩** | **સંખ્યાતા** |
| સર્વાર્થસિદ્ધ | **૧, ૨, ૩** | **સંખ્યાતા** |
| માઘવતી | **૧, ૨, ૩** | **સંખ્યાતા, અસંખ્યાતા** |
| રતાળુ | **સમયે સમયે અનંતા** | |

૫. આકર્ષ એટલે શું? સૌથી ઓછા અને સૌથી વધુ કેટલા આકર્ષે બંધ થાય?

**જ. આકર્ષણ થવું. જીવ પોતાના અધ્યવસાય પ્રમાણે કર્મ પુદ્ગલને થોડા થોડા ભાગમાં ગ્રહણ કરે, પોતાની તરફ ખેંચે. સૌથી ઓછા ૮ આકર્ષ અને સૌથી વધુ ૧ આકર્ષે બંધ થાય.**

**(૨) નીચેના જીવોને કયું આયુષ્ય હોય?** **(૨)**

| | જવાબ |
|---|---|
| ૧. ભરતના મનુષ્યમાં | **સોપક્રમી અથવા નિરૂપક્રમી** |
| ૨. એકોરુક અંતરદ્વીપના મનુષ્યમાં | **નિરૂપક્રમી** |
| ૩. પાણીમાં | **સોપક્રમી અથવા નિરૂપક્રમી** |
| ૪. ઋષભાનન સ્વામી | **નિરૂપક્રમી** |

**(ડ) વિરહપદના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૨)**

૧. પૂર્વાષાઢા, જ્વાલામુખી, મહાવિદેહમાં સામાયિક ચારિત્ર અને ડાંસનો જ. અને ઉ. વિરહ લખો. (૪)

| જ. | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| પૂર્વાષાઢા | **૧ સમય** | **૨૪ મુહૂર્ત** |
| જ્વાલામુખી | **એકેન્દ્રિય છે વિરહ ન પડે** | |
| મહાવિદેહમાં સામાયિક ચારિત્ર | **હંમેશાં હોય છે, તેથી વિરહ નથી.** | |
| ડાંસ | **૧ સમય** | **અંતર્મુહૂર્ત** |

૨. જઘન્ય અને ઉત્કૃષ્ટ ૬ મહિના અને ઉત્કૃષ્ટ ૨૪ મુહૂર્તનો વિરહ કોનો છે? (૫)

**જ. જઘન્ય છ મહિના – ચંદ્રગ્રહણ, સૂર્યગ્રહણ. ઉત્કૃષ્ટ છ મહિના – સિદ્ધ, સાતમી નરક, ૬૪ ઈન્દ્ર. ઉત્કૃષ્ટ ૨૪ મુહૂર્ત – પહેલી નરક, ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી, ૧–૨ દેવલોક, સંમૂર્ચ્છિમ મનુષ્ય.**

૩. અનુત્તર વિમાનમાં કેટલા વર્ષે જીવો જાય છે? સારી જગ્યાએ જવા માટે શું કરવું જોઈએ? (૧)

**જ. કોઈકવાર અસંખ્ય વર્ષ. આરાધના, સાધના, મહેનત**

૪. માટીમાં કેટલા જીવો ઉપજે છે? કોના કરતા વધારે છે? (૧)

**જ. સમયે સમયે અસંખ્ય, ગર્ભજ મનુષ્ય કરતા વધારે છે.**

૫. ........ મહિને એક મનુષ્ય તો ....... દેવલોકમાં તો જાય છે. (૧)

**જ. સંખ્યાતા, નવમા.**

(૧૦)

**પ્ર.૩ સંસ્કાર વિભાગના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. વસ્તુ બગડે તો તેનો શોક કરવાથી શું નુકસાન થાય છે? ભૂલ માફ કરવાથી શેનો લાભ મળે છે?

**જ. અશાંતિ થાય, સંબંધોમાં તિરાડ પડે, ઘણા કર્મોનો બંધ થાય. ભૂલ માફ કરવાથી તપ દ્વારા નિર્જરા અને સંવરનો લાભ મળે છે.**

૨. વચનથી જ ...... ની વાણીની ....... અને ....... થઈ શકે છે. દુ:ખમાં ....... આપે છે.

**જ. જિનેશ્વર, પ્રભાવના, સ્વાધ્યાય,આશ્વાસન.**

૩. કાયાનું ઘડતર કરવા શું વિવેક રાખવો? (કોઈપણ ચાર)

**જ. ૧) પાપનો ડર રાખવો. ૨) વિકાર વધે તેવી ટી.વી. ચેનલો ન જોવી. ૩) છ કાયની દયા પાળવી. ૪) એક્ટર, ક્રિકેટર વગેરેના ફોટા રાગથી ન રાખવા. ૫) વડીલોની સેવા કરવામાં દુર્ગંછા ન કરવી. ૬) મનને ભાવે તે નહીં પણ શરીરને અનુકૂળ ખાવું. ૭) અશાતા, રોગ ભોગવતા શાંતિ રાખવી.**

૪. મનનો પ્રશસ્ત અને સમ્યક્ ઉપયોગથી શું થાય? મનના ઘડતરથી કયા ગુણો પ્રગટ કરવાના છે?

**જ. મનનો પ્રશસ્ત ઉપયોગ ઊંચા પુણ્ય બંધાવી શકે અને સમ્યક્ ઉપયોગ મિથ્યાત્વથી મુક્ત કરાવી શકે છે. મનના ઘડતરથી નિઃસ્વાર્થતા, સરળતા, નમ્રતા, ધીરજ, સહનશીલતા, જિનાજ્ઞા પાલન વગેરે ગુણો પ્રગટ કરવાના છે.**

૫. મન આપણા ....... નું અને ........ નું તેમ જ ....... નું અને ....... નું કારણ બને છે.

**જ. દુ:ખ, સંસાર, સુખ, મોક્ષ.**

(૧૦)

**પ્ર.૪ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ બે થી ત્રણ લીટીમાં લખો.**

૧. મૃગાવતી રાણીનો પરિચય આપો. તે કેવા હતા?

**જ. કૌશંબીના રાજા ચેટકની પુત્રી, સહસાનીક રાજાની પુત્રવધૂ, શતાનીક રાજાની પત્ની, ઉદાયન રાજાની માતા અને જયંતિ શ્રમણોપાસિકાના ભાભી હતા. તે સુકોમળ અને રૂપવાન હતા. જીવ–અજીવના જાણકાર શ્રાવિકા હતા. તપ–નિયમથી આત્માને ભાવિત કરતા હતા.**

૨. તામલી તાપસ કયા સૂત્રનો અધિકાર છે? તેમને ઈન્દ્રની પદવી શા માટે પ્રાપ્ત થઈ? તેમનું ભવિષ્ય શું છે?

**જ. ભગવતી સૂત્ર શતક ૩, ઉદ્દેશક ૧. નિયાણું ન કરવાના ફળરૂપે ઈન્દ્રની પદવી પ્રાપ્ત થઈ. તેઓ દેવલોકમાંથી મહવિદેહમાં જન્મ ધારણ કરીને સિદ્ધ દશાને પ્રાપ્ત થશે.**

૩. નિયાણું એટલે શું? તામલી તાપસનું દૃષ્ટાંત શું પ્રેરણા કરે છે? તામલી નિયાણું કરત તો શું થાત?

**જ. ફળની મર્યાદા બાંધી લેવી. સાધકોને નિયાણું ન કરવાની તથા ધર્મ અનુષ્ઠાનનું ફળ ન માંગવાની પ્રેરણા કરે છે. ભવનપતિના ઈન્દ્ર તરીકે ઉત્પન્ન થાત.**

૪. દીક્ષાની આજ્ઞા લેવા આવનાર પોટ્ટિલાને તેતલીપુત્રએ શું કહ્યું?

**જ. હે દેવાનુપ્રિય ! તમે મુંડિત થઈને પછી કાળધર્મ પામીને કોઈપણ દેવલોકમાં ઉત્પન્ન થશો માટે તમે મને જો**

**દેવલોકમાંથી આવીને કેવલી પ્રરૂપિત ધર્મનો પ્રતિબોધ આપવાનો સ્વીકાર કરો તો મારી દીક્ષા લેવા માટે તમને આજ્ઞા છે.**

૫. કોણ બોલે છે અને કોને કહે છે? ૧) તેમનું સન્માન જાળવજો.

**રાણી પદ્માવતીએ કનકધ્વજને કહ્યું**

૨) તમે ઉદાસ થઈ આર્તધ્યાન ન કરો.

**તેતલીપુત્રએ પોટ્ટિલાને કહ્યું.**

(૧૦)

**પ્ર.૫ નીચેના જવાબ કાવ્યના આધારે લખો.**

૧. નારકીને કોણ દુ:ખ આપે છે અને મહાવિગયના નામ આવતા હોય તે દર્શાવતી કડી લખો. (૪)

**જ. પરમાધામી – પાના નં. ૧૧૦ કડી ૧૫**

**મહાવિગય – પાના નં. ૧૧૦ કડી ૨૧**

૨. ધોબી, ઓડ, ખાટકીથી શરૂ થતી કડી પૂર્ણ કરો. (૬)

**ધોબી – પાના નં. ૧૧૧ કડી ૩૧**

**ઓડ – પાના નં. ૧૧૨ કડી ૩૪**

**ખાટકી – પાના નં. ૧૦૯ કડી ૧૧**

**જય – જિનેન્દ્ર**